પરદેશ પાર્સલસેવા
www.chipsairexp.com
CHIPS
Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૬૩ | ૨૨ ઓગસ્ટ, ૨૦૧૮, બુધવાર; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

### સિસિકાની દર્દીસેવાને પ્રણામ

આજે એક અનોખી વાત માંડવી છે. ગાંધીનગરના વડીલની સેવા પ્રવૃત્તિની સુગંધથી દર્દીઓ પ્રફુલ્લિત થાય છે. સેવા મેળવવાની ઉંમરે આ વડિલો સેવા આપે છે. નગરની જાણીતી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા 'સિનિયર સિટિઝન કાઉન્સીલ'ની આ વાત છે. ગાંધીનગરની આસપાસના ૧૪ ગામોમાં વસતા જરૂરિયાતમંદ દર્દીઓને અદ્યતન ફરતાં દવાખાના દ્વારા નિદાન અને દવાની સેવાઓ છેલ્લા ૧૫ વર્ષથી અપાય છે. શહેરની ૨ સેવા વસ્તીમાં વસતા પીડિતો અને વંચિતોને પણ સેવા ઉપલબ્ધ થાય છે. પીંડારડા, આલમપુર, લેંકાવાડા, ધરમપુર, મુબારકપુર, પાલજ, ધોળાકુવા, આદિવાડા, ઈન્દ્રોડા, બોરીજ, ગોકુળપુરા, વાવોલ, શાહપુર, અલુવા, ચરેડી ઝુંપડપટ્ટી, જીઈબી ઝુંપડપટ્ટી વિસ્તાર જેવા નાના-નાના ગામોમાં એક તબીબ તથા સંસ્થાના પાંચ-સાત સેવાવ્રતધારીઓ નિયમિત પહોંચે છે અને દર મહિને ૧૦૦૦થી ૧૨૦૦ જેટલા દર્દીઓને તપાસે છે એટલું જ નહિ એમને જરૂરી દવાઓ પણ સ્થળ ઉપર જ અપાય છે. આ દવાખાનાના વિચારને સાકાર કરવા માટે ગુજરાત સ્ટ્રેટ પેટ્રોલિયમ કોર્પોરેશને ૨ અદ્યતન વાન સિસિકાને ભેટ આપી છે. જેમાં તમામ પ્રકારની વ્યવસ્થા ઉપલબ્ધ કરાઈ છે.

સિસિકાના વડીલો માત્ર ફરતા દવાખાનાની સેવાથી જ પગ વાળીને બેસે તેમ નથી. એમના વરિષ્ઠ સભ્ય અને ગાંધીનગરના મુક સેવક પૂજ્ય જી.એન. ખારોડની સન્માન નિધિમાંથી ખર્ચાળ સર્જરી કે દવાખાનાના બીલો માટે પણ સહાય ગુણવત્તા અને જરૂરીયાતના આધારે અપાય છે. આ ઉપરાંત એમ્બ્યુલન્સ સેવા પણ છેલ્લા દસ વર્ષથી અવિરત શહેરના દર્દીઓને અપાય છે. ખુબજ નજીવા દરથી ગાંધીનગર અમદાવાદની તમામ હોસ્પિટલોમાં લઈ જવા માટે સિસિકાની એમ્બ્યુલન્સવાન તત્પર જ હોય છે. જેમાં એસી વાતાનુકુલિત છે અને ઓક્સિજન પણ ઉપલબ્ધ હોય છે. આ દર્દી સેવા દર વર્ષે એક હજારથી બારસો દર્દીઓના આશિર્વાદ પ્રાપ્ત કરે છે. વાત આટલેથી જ નથી અટકતી. સંસ્થાની મહિલા પાંખ પણ સેવાની અનોખી ભાત પાડે છે. સેવાભાવી વરિષ્ઠ મહિલાઓ મહિનામાં બબ્બે વખત સિવિલ હોસ્પિટલના પ્રસુતિ વિભાગમાં સગર્ભા મહિલાઓને શીરો પીરસે છે. નવજાત બાળકોને ઝભલા-રમકડાંનું વિતરણ કરે છે. આંગણવાડીમાં પણ નિયમિત રીતે બિસ્કીટ અને સુખડીનું વિતરણ કરતી સિસિકાની મહિલા પાંખ સેવાની અનોખી સુગંધ પ્રસરાવે છે. સિનિયર સિટિઝન કાઉન્સીલના સ્થાપના કાળથી આજ સુધી હજ્જારો દર્દીઓની પ્રત્યક્ષ કે પરોક્ષ સેવા ગાંધીનગરની સેવાપ્રવૃત્તિમાં મોખરાનું સ્થાન ભોગવે છે. નિઃશુલ્ક મેડીકલ ચેકપ કેમ્પ યોજીને પણ ગ્રામીણ વિસ્તારોના જરૂરીયાતમંદ પરિવારોને તબીબી સહાયથી લાભાન્વિત કરતી સિસિકા ગાંધીનગરના જનજીવન માટે પ્રેરક છે, વંદનીય છે.

# રાજ્યસભાની ચૂંટણીમાં નોટા નહિ

**શૈલેષ પરમારની અરજી પર સુપ્રિમ કોર્ટે નિર્ણય સંભળાવ્યો : કોઈ ગેરબંધારણિય કૃત્યમાં બંધારણ ન્યાયાલય પક્ષ કેમ બને, જો કોઈ વ્યક્તિ વોટ નથી નાંખતો તો પાર્ટી તેને કાઢી શકે**



ન્યુ દિલ્હી,તા.૨૧

રાજ્યસભા ચૂંટણીમાં મોટીના ઉપયોગ વિરૂદ્ધ કરવામાં આવેલી અરજી પર સુપ્રીમ કોર્ટે મંગળવારે મહત્વનો ચુકાદો સંભળાવ્યો. ઝત્તૈં દિપક મિશ્રાની અધ્યક્ષતાવાળી બેંચે પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યુ કે રાજ્યસભા ચૂંટણીમાં નોટાનો ઉપયોગ નહીં થઈ શકે. બેંચે કહ્યું કે રાજ્યસભા ચૂંટણી છોડીને અન્ય ચૂંટણીમાં નોટાનો ઉપયોગ કરી શકાય છે. સુપ્રીમ કોર્ટે રાજ્યસભા ચૂંટણીમાં નોટાનો વિકલ્પ નિરસ્ત કરી દીધો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે નોટા માત્ર પ્રત્યક્ષ એટલે કે ડાયરેક્ટ ઈલેકશનમાં થઈ શકે છે. ગત વર્ષે ગુજરાતમાં થયેલી રાજ્યસભા ચૂંટણીમાં કોંગ્રેસ નેતા શૈલેશ પરમારે અરજી દાખલ કરી ર્દ્બંછનો વિકલ્પ રાખવાનો વિરોધ કર્યો હતો. આ પહેલાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચની તે અધિસૂચના પર

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસના રાષ્ટ્રીય કોષાધ્યક્ષ તરીકે અહેમદ પટેલ નિમાયા

**કોંગ્રેસ પાર્ટી સંગઠનમાં રાહુલે ફેરફારો કર્યા મોતીલાલ વોરાને મહાસચિવની જવાબદારી**



નવી દિલ્હી, તા. ૨૧

વર્ષ ૨૦૧૯ લોકસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પાર્ટી સંગઠનમાં મોટા ફેરફાર કરી દીધા છે. મોતીલાલ વોરાની જગ્યાએ વરિષ્ઠ નેતા અહેમદ પટેલને કોષાધ્યક્ષ બનાવી દેવામાં આવ્યા છે. તેમની સાથે મોતીલાલ વોરાને મહાસચિવની જવાબદારી સોંપવામાં આવી છે. રાજસ્થાનથી સંબંધ ધરાવનાર પાર્ટીના વરિષ્ઠ નેતા સીપી જોશીની જગ્યાએ ફલેરિયોને પૂર્વોત્તરના રાજ્યોના પ્રભારી મહાસચિવ બનાવવામાં આવ્યા છે. ફલેરિયો ગોવાના પૂર્વ મુખ્યમંત્રી છે. વરિષ્ઠ નેતા આનંદ શર્માને કરનસિંહની જગ્યાએ પાર્ટીના વિદેશી મામલાઓના વિભાગના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. લોકસભાના પૂર્વ અધ્યક્ષ મીરાકુમારને કોંગ્રેસ કારોબારી સમિતિમાં સ્થાયી આમંત્રિત સભ્ય તરીકે સામેલ કરવામાં આવ્યા છે. કોંગ્રેસના સંગઠન મહાસચિવ અશોક ગેહલોતે એક નિવેદનમાં કહ્યું છે કે, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ અહેમદ પટેલને તાત્કાલિક પ્રભાવથી કોંગ્રેસના કોષાધ્યક્ષ બનાવી દીધા છે. આની સાથે જ મોતીલાલ વોરાને મહાસચિવ બનાવી દેવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# એશિયન ગેમ્સમાં સતત ત્રીજા દિવસે ભારતને ત્રીજો ગોલ્ડ

**સૌરભ ચૌધરીએ ૧૦ મીટર એર પિસ્તોલમાં સુવર્ણ જીત્યો : અભિષેક વર્માને બ્રોન્ઝ : મહિલા રેસલર દિવ્યા કાકરાનને ૬૮ કિલોગ્રામ ફ્રીસ્ટાઇલમાં બ્રોન્ઝ : સંજીવ રાજપૂતે સિલ્વર જીત્યો**

જાકર્તા,તા. ૨૧

એશિયન ગેમ્સમાં આજે ત્રીજા દિવસો ભારતીય ખેલાડીઓનો જોરદાર દેખાવ જારી રહ્યો હતો. ત્રીજા દિવસે ભારતીય રેસલર દિવ્યા કાકરાને ૬૮ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલમાં જોરદાર દેખાવ કરીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યો હતો. દિવ્યાએ બ્રોન્ઝ મેડલ સ્પર્ધામાં ચીની તાઈપેઈની કુશ્તીબાજ ચેન વેનલિંગને ૧૦-૦થી હાર આપી હતી. દિવ્યાને ૬૮ કિલોગ્રામ ફ્રીસ્ટાઈલ રેસલિંગની ક્વાર્ટર ફાઈનલમાં મંગોલિયાની રેસલર સાર્કુના હાથે ૧-૧૧થી હારનો સામનો કરવો પડ્યો હતો. સારખુએ સેમિફાઈનલમાં ચીનની વેનલિંગને ૧૦-૦થી હાર આપી હતી. ભારતમાં હવે એશિયન ગેમ્સના ૧૦ મેડલ થઈ ગયા છે. કુશ્તીમાં દેખાવ સૌથી શાનદાર રહ્યો છે. રેસલિંગ અથવા તો કુશ્તીમાં ત્રીજો મેડલ જીત્યો છે. આ

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### અફઘાનિસ્તાનમાં રોકેટથી હુમલો

અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિ અશરફગની ઈદના એક દિવસ પહેલા રાષ્ટ્રજોગ સંદેશ આપી રહ્યા હતા ત્યારે તાલીબાનો રાષ્ટ્રપતિભવન પર રોકેટથી હુમલો કર્યો હતો. બે દિવસમાં આ બીજી આતંકી ઘટના છે.

### લખનઉમાંથી અઢી કરોડનુ માદક દ્રવ્ય ઝડપાયુ

ઉત્તરપ્રદેશ એટીએફે લખનઉ પોલીટેકનિક પાસેથી અઢી કરોડના માદર દ્રવ્યો સાથે ત્રણની ધરપકડ કરી છે. આ આંતરરાષ્ટ્રીય ટોળકી પાસેથી ૬૦ હજારની રોકડ પણ પકડાઈ છે.

### પુનઃ સીઝ ફાયરનો ભંગ

ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લામાં તંગધાર સેક્ટરમાં પાકિસ્તાને ફરી સીઝફાયરનો ભંગ કર્યો છે. પાકિસ્તાની રેન્જર્સે આ વિસ્તારમાં ગોળીબાર કરતા એક સૈનિક ઘાયલ થયો છે.

### રાહુલ ગાંધી આજથી બ્રિટન, જર્મનીના પ્રવાસે

કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ૨૨થી ૨૫ ઓગસ્ટ દરમિયાન લંડન, જર્મનીની મુલાકાતે જઈ રહ્યા છે. આ મુલાકાતમાં રાહુલ ૨૨-૨૩ બ્રિટનમાં અને ૨૪-૨૫ જર્મનીમાં વસતા બિનનિવાસી ભારતીયો, અગ્રણીઓ અને મીડિયાને મળશે. રાહુલ ગાંધીએ વિદેશોમાં વસતા ભારતીયોને મળવાનો સિલસિલો એક વર્ષ અગાઉ હાથ ધર્યો હતો. જેમાં તેમણે અમેરિકા, સિંગાપોર, અને મલેશિયાની મુલાકાત લીધી હતી.

### વેનેઝુએલામાં એક કપ કોફી માટે આપવા પડે છે ૨૫ લાખ...!!

વિકરાળ આર્થિક સંકટ અને ફુગાવા સામે ઝઝૂમી રહેલા વેનેઝુએલાની આર્થિક કટોકટી દિવસેને દિવસે ઘેરી બની રહી છે.

હાલમાં મોંઘવારી એટલી છે કે એક કિલો મીટ ખરીદવા ૯૫ લાખ બોલિવર અને એક કપ કોફી માટે ૨૫ લાખ બોલિવર આપવા પડે છે.

# બિહારના રાજ્યપાલ તરીકે લાલજી ટંડનની નિમણુંક

**સત્યપાલ મલિકને જમ્મુ કાશ્મીરની જવાબદારી સોંપાઈ : ત્રણ નવી નિમણુંક જ્યારે ચાર રાજ્યપાલોની બદલી કરાઈ**

નવીદિલ્હી, તા.૨૧

દેશના અનેક રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂંક કરવામાં આવી છે. બિહારના વર્તમાન રાજ્યપાલને જ્યાં જમ્મુ કાશ્મીરની જવાબદારી સોંપવામાં આવી છે ત્યાં લાલજી ટંડનને બિહારના રાજ્યપાલ પદની જવાબદારી સોંપવામાં આવી છે. લાલજી ટંડન ઉપરાંત ગંગાપ્રસાદ, તથાગત રોય, કપ્તાનસિંહ સોલંકી સહિત પાંચ નામ સામેલ છે. ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના ખુબ જ નજીકના સાથી તરીકે રહી ચુકેલા લાલજી ટંડનને બિહારના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. હજુ સુધી બિહારના રાજ્યપાલ રહેલા સતપાલ મલિકને જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ગંગાપ્રસાદને સિક્કિમ, તથાગત રોયને મેઘાલય અને કપ્તાનસિંહ સોલંકીને ત્રિપુરાના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. બીજી બાજુ સત્યદેવ નારાયણને હરિયાણાના રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.



● અનુસંધાન પાન-૭ પર

# કેરળમાં હજુ ૧૦ લાખ નાગરિકો રાહત કેમ્પમાં : રાહત કાર્ય પૂરજોશમાં

**કેરળના પુનઃ નિર્માણ માટે ૭૦૦ કરોડ રૂપિયા આપવાની યુએઈની જાહેરાત ૨૦૦૦૦ કરોડથી વધારેનુ નુકસાન : ઇન્ફ્રાસ્ટ્રક્ચર સંપૂર્ણપણે તુટી પડ્યું છે**

કોચી, તા.૨૧

કેરળમાં વિનાશકારી પુર બાદ સ્થિતીમાં હવે સુધારો થઈ રહ્યો છે. કારણકે પુરના પાણી મોટા ભાગના વિસ્તારોમાં ઉતરી રહ્યા છે.વરસાદમાં પણ બ્રેકની સ્થિતી મુકાયા બાદ બચાવ અને રાહત કામગીરી વધુને વધુ ઝડપી કરવામાં આવી રહી છે. સ્થિતીમાં સુધારો થયો હોવા છતાં હજુ પણ ૫૬૪૫ રાહત કેમ્પોમાં ૧૦ લાખ લોકો છે. તેમને જરૂરી સુવિધા અને સહાય આપવાની બાબત સરકાર માટે પડકારરૂપ છે. ૮મી ઓગસ્ટ બાદથી મોતનો આંકડો ૨૨૩ સુધી પહોંચી ગયો છે. ભારે વરસાદ અને પુરના લીધે નુકસાનનો આંકડો ૨૦૦૦૦ કરોડ સુધી પહોંચી ગયો છે. સંયુક્ત અરબ અમીરાતે હવે કેરળના પુનઃ નિર્માણમાં ૭૦૦ કરોડ રૂપિયા આપવાની વાત કરી છે. જુદા જુદા રાજ્યો પણ મદદ માટે આગળ આવી રહ્યા છે. ૪૦ હજાર હેક્ટરથી પણ વધારે જમીનમાં પાકને નુકસાન થયું છે. ૨૬૦૦૦ મકાનો નાશ પામ્યા છે. એક લાખ કિલોમીટરના માર્ગો નાશ પામ્યા છે. અર્થતંત્રની કમર તુટી ગઈ છે. ૧૩૪ પુલ પણ નુકસાન પામી ચુક્યા છે. બીજી બાજુ રાજ્યના મુખ્યપ્રધાન વિજયને કેન્દ્ર પાસેથી વધારે જંગી નાણાંની માંગ કરવામાં આવી છે. કેરળમાં તમામ લાઈન પર ટ્રેન સેવા શરૂ કરવામાં આવી રહી છે. રેલવે દ્વારા ખાસ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે. જોકે નીચાણવાળા વિસ્તારો હજુ જળબંબાકાર હોવાથી બચાવ કામગીરીમાં અડચણો આવી રહી છે. કેરળમાં આઠમી ઓગષ્ટ બાદથી અભૂતપૂર્વ પુરના કારણે મોતનો આંકડો ૨૨૩ ઉપર પહોંચી ગયો છે. માત્ર ૧૩ દિવસના ગાળામાં જ ૨૨૩ લોકોના મોત સાબિત કરે છે કે વિનાશક પુરની સ્થિતી શુ છે.



## પૂરગ્રસ્ત કેરળને ફેસબુકે ૧.૭૫ કરોડનું દાન આપ્યુ

સાન ફ્રાન્સિસ્કો,તા.૨૧

સોશિયલ નેટવર્કિંગ દિગ્ગજ ફેસબુકે કેળમાં રાહત અભિયાન માટે ૨,૫૦,૦૦ ડૉલર એટલે કે ૧.૭૫ કરોડ રૂપિયા દાનમાં આપ્યાં છે જ્યાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનના કારણે અત્યાર સુધીમાં ૩૫૦થી વધુ લોકોના મોત નિપજ્યાં છે. કંપનીએ આ અંગે જાણકારી આપી છે.ફેસબુક દિલ્હીના એનજીઓ ગૂંજના માધ્યમ દ્વારા આ દાન આપશે જે પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરીનું અભિયાન ચલાવે છે. ફેસબુકના પ્રવક્તાએ જણાવ્યું કે, પાછલાં કેટલાંક દિવસોથી સમુદાયની શક્તિ સાથે ફેસબુકે લાઈવ, ક્રિએટીંગ પેજ, જોઈન કમ્યુનિટી અને રેઈઝિંગ ફંડ્સ જેવા ફિચર્સના માધ્યમથી લોકો સુધી પહોંચવામાં મદદ કરી છે.

# અંતરિક્ષમાં ભારતનો ડંકો

**ચંદ્રયાને પાણી બાદ ચંદ્ર પર બરફ હોવાના પુરાવા આપ્યા**

ન્યુ દિલ્હી,તા.૨૧

વિશ્વભરમાં અંતરિક્ષ ક્ષેત્રે છેલ્લા કેટલાય વર્ષોથી ભારતે અનેક માઈલસ્ટોન હાંસલ કર્યા છે. ભારત દ્વારા લગભગ ૧૦ વર્ષ પહેલાં ચંદ્ર પર ચંદ્રયાન મોકલાયું હતું. ચંદ્રયાને જે તાજેતરમાં માહિતી મોકલી છે, એના કારણે અંતિરક્ષ ક્ષેત્ર ભારતના પ્રતિષ્ઠામાં ખૂબ વધારો થયો છે. ચંદ્રયાને ચદ્ર પર બરફ હોવાના પુરાવા એકત્ર કર્યા છે.

વૈજ્ઞાનિકોના કહેવા અનુસાર ચંદ્રની ડાર્કસાઈટ અર્થાત ચંદ્રના પોલર રીઝનની તરફ ચંદ્રયાને બરફ હોવાના પુરાવા મેળવ્યા છે. આ પહેલાં ચંદ્રયાને જ ચંદ્ર પર પાણી હોવાની જાણકારી આપી હતી. ચંદ્રયાનની જાણકારી અનુસાર ચંદ્ર સપાટી પર પાણી હોઈ શકે છે. ચંદ્રયાન દ્વારા મળેલી આ જાણકારી અનુસર ભવિષ્યમાં ચંદ્ર પર મોકલનારા મિશનમાં ખૂબ મહત્વની ભૂમિકા અદા કરી શકે છે.

કહેવામાં એમ પણ આવી રહ્યું છે કે ચંદ્રના સાઉથ પોલ પર પડેલા ખાડામાં બરફ જમા છે. આ સિવાય નોર્થ પોલ પર ખૂબ બરફ છે. વૈજ્ઞાનિકો હવે નાસાના મૂન મિનરલોજી મૈપર ઈન્ટ્રુમેન્ટ(એમ-૩) દ્વારા ચંદ્રયાનથી મળેલી જાણકારી સાચી હોવા અંગે તપાસ કરી રહ્યાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૦૮માં મોકલાયેલા ચંદ્રયાન-૧ એ ચંદ્ર પર બરફ હોવાની સચોટ માહિતી આપી છે. અહીંયા પણ જાણકારી નોંધવી રહી કે, ચંદ્રનો કેટલાક હિસ્સો એવો છે, જેના પર સૂર્યનો પ્રકાશ આવતો નથી, અથવા બિલકુલ નજીવો પ્રકાશ આવે છે. જેના કારણે જ ચંદ્રનું તાપમાન શાયદ ૧૫૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતુ હશે.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

દિવ્યાંગ (વિકલાંગ) યુનિવર્સીટી માટે
જમીન જોઈએ છે
ગાંધીનગર-ચિલોડા વિસ્તારમાં
5 થી 10 વીઘા
ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
9879048757, 93770 63000
• દાતાશ્રીઓ પણ આવકાર્ય છે •

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Kalpesh Astro Services
Kalpesh Upadhyay
Jyotir- Gyata, Jyotir Bhusan(HNGU)
Astrology | Numerology | Match Making | Vastu Consultant
Your Life Need Positive Changes......
સમય ને પરખો તક ને ઝડપો
Scientific Solutions
Just Call and Hear from our Side
kalpeshastrologer kalpeshastro.com Kalpesh Upadhyay
+91 88666 50725
kalpeshupadhyay41@yahoo.in
321, Akshar Arcade, Opp Memnagar Fire Station Navrangpura Ahmedabad